# મેઘરજના રેલ્લાવાડામાં ધોળા દિવસે મોબાઈલના બેલેન્સ રિચાર્જ કરતા વેપારીઓ લુંટી રહ્યાની બૂમ

## ૨૦ રૂપિયાની કુપનના ૨૨ રૂપિયા, ૧૦ રૂપિયાની કુપન-બેલેન્સના ૧૨ રૂપિયા

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ગામે મોબાઈલની દુકાનદારો ધોળા દિવસે બેલેન્સ કુપનમાં મોટા પ્રમાણમાં લુંટ ચલાવી રહ્યા છે. તે સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

પ્રાપ્ત વિગત એવી છે કે મેઘરજ તાલુકાના છેવાડા અને રાજસ્થાન સરહદના નજીક આવેલા રેલ્લાવાડા ગામે આવેલા મોબાઈલના લાઈસન્સ વગરના દુકાનદારો ધોળા દિવસે બેલેન્સ રિચાર્જ કરવામાં લુંટી રહ્યા છે. ગરીબ ગામડામાં વસતી પ્રજા અને શાળા મહાશાળાના વિદ્યાર્થી વર્ગની આંખોમાં ધૂળ નાખી દાદાગીરીથી છાપેલ કિંમત કરતાં રૂપિયા ૨ કે ૫ વધારે લઈ રહ્યા છે. અત્રે એ પણ ઉલ્લેખનિય છે કે મોટા પ્રમાણનું બેલેન્સ કુપન અહિંયાથી જ વપરાય છે. પ્રજાનો અવાજ કોણ સાંભળે ઉજ્જડ વનમાં એરંડો પ્રધાન હોય તેવી સ્થિતિ રેલ્લાવાડાના મોબાઈલના દુકાનદારોમાં છે ત્યારે પ્રજામાં રોષની લાગણી ઉદ્ભવી રહી છે. મેઘરજ, મોડાસા ભીલોડા તમામને તો ૨૦, ૧૦ રૂપિયામાં કૂપન મળી રહે છે. તો રેલ્લાવાડામાં કેમ નહિ ? શું કંપનિઓએ રેલ્લાવાડા માટે અલગ ટેક્સ લગાવાતો હશે ? તેવી વાતો ચર્ચાઈ રહી છે. જો આ અંગે ગુજરાત રાજ્ય ગ્રાહક સુરક્ષા ખાતુ તપાસ કરે તો વધુ રહસ્યમય લુંટનું કૌભાંડ બહાર આવે તેમ છે.

# નવીન આરટીઓ કચેરીની જગ્યા મામલે બે કચેરીના અધિકારીઓ સામસામે આવી જતાં મામલો તંગ

## આરટીઓ ઈન્સપેકટર અને જીઆઈડીસીના રીજીઓનોલ મેનેજર વચ્ચે તુ.. તુ.. મૈ..મૈ.. સર્જાઈ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૧

અરવલ્લી જિલ્લો અસ્તીત્વમાં


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આજે દોઢ વર્ષ જેટલો સમય વિતિ ગયો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં

### ખાનગી કંપનીનુ ટ્રેનીગ સેન્ટર માત્ર કાગળ પર જ : સૂત્રો

મોડાસા જીઆઈડીસીમાં એક ખાનગી કંપની ધ્વારા ચલાવવામાં આવતા કહેવાતુ ટ્રેનીંફ સેન્ટર માત્ર કાગળ ઉપર જ ચાલતુ હોય તેમ જીઆઈડીસીના કેટલાક લોકો ધ્વારા જણાવવામાં આવ્યુ હતુ. રીજીઓનલ મેનેજર કૃતી મનિયારને તાલીમ અંગેના પ્રશ્નો પૂછતાં તેમણે યોગ્ય ખુલાસો કર્યો ન હતો.

મોટર વાહન નીરીક્ષકની કચેરીને આરટીઓ કચેરીમાં અપગ્રેડ તો કરી દેવામાં આવી છે પરંતુ આ કચેરી માટે સરકાર ધ્વારા જગ્યા પણ જીઆઈડીસીમાં ફાળવી દેવામાં આવી છે. પરંતુ આ નવીન મકાન બનતા વાર લાગે તેવી છે તેથી વાહન વ્યવહાર કમીશનર કચેરી ધ્વારા હંગામી ધોરણે આ કચેરી ચલાવવા માટે મોડાસા જીઆઈડીસી ખાતે આવેલ સ્કીલ અપગ્રેડેશન સેન્ટર ચાલે છે તે જગ્યા ફાળાવવામાં આવી છે.

પરંતુ આ સેન્ટર ધ્વારા આ જગ્યાનો કબજોના છોડાતા છેલ્લા કેટલાય સમયથી આરટીઓ કચેરીના કામકાજ માટે હજુ પણ મોડાસા નગરની જનતાને સાંબરકાઠા જીલ્લાના ધકકા ખાવા પડે છે. ત્યારે આ જગ્યાની બાબતને લઈને બે કચેરીના અધિકારીઓ સામસામે આવી જતાં વાતાવરણ તંગ બની જવા પામ્યુ હતુ.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લાના મોડાસા જીઆઈડીસી ખાતે ન્યુ આરટીઓ કચેરીના માટે પહેલા અધિકારીઓ ધ્વારા નવીન મકાન મૌખીક રીતે ફળવાતા મોડાસા આરટીઓ ધ્વારા જીઆઈડીસીના સ્કીલ અપગ્રેડેશન સેન્ટરને આરટીઓ તથા નાગરીકો ધ્વારા તાળાબંધી કરાતા જીઆઈડીસીના રીજીઓનલ મેનેજર તેમની ટીમ સાથે દોડી આવ્યા હતા.

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાય સમયથી આરટીઓ કચેરી માટે સરકાર ધ્વારા મોડાસા જીઆઈડીસી ખાતે અનુકુળ જગ્યા હોવાથી તથા બીએસએનએલની કનેકટીવીટી માટેની પણ સુવિધા હોવાથી નવીન આરટીઓ કચેરી બનાવવા માટે આ જગ્યા ફાળવી આપવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લાની ૬ તાલુકાની પ્રજાને અરવલ્લી જીલ્લો સાબરકાંઠામાંથી અલગ થયો છે છતાં પણ હજુ સુધી આરટીઓના કામકાજ માટે હિંમતનગર ખાતે ધરમના ધકકા ખાવા પડે છે ત્યારે આ બાબતને લઈને લોકોના પૈસા અને સમય વેડફાય છે ત્યારે આ બાબતે મોડાસાના નાગરીકો ધ્વારા ઉચ્ચ કક્ષાએ પણ રજુઆત કરવા છતાં પણ કોઈ નીવેડો આવતો નથી.

ત્યારે સરકાર ધ્વારા આરટીઓ કચેરી બનાવવા માટે મોડાસા જીઆઈડીસીમાં આવેલ સ્કીલ અપગ્રેડશન સેન્ટરની જગ્યા ફાળવી આપવામાં આવી હતી. પરંતુ અત્રે ઉલ્લેખનીય વાત એ છે કે ૨૦૧૦થી જીઆઈડીસી ધ્વારા આ જગ્યા સ્કીલ અપગ્રેડશેન સેન્ટરને ફાળવી આપી હોવા છતાં બંધ હાલતમાં હતી. પરંતુ જયારથી આ ખાતાને જાણ થઈ કે આ જગ્યા આરટીઓ કચેરી માટે ફળવાઈ છે ત્યારથી અહિયા તાલીમ આપવાનુ ચાલુ કરી દીધુ પછી વિદ્યાર્થીઓ હોય કે ના હોય પરંતુ આ એવરોન કંપની ધ્વારા આરટીઓને કબજો આપવામાં આવતો ન હોઈ આજે આરટીઓ ઈન્સપેકટર અને મોડાસાના નાગરીકો ધ્વારા આ અપગ્રેડેશન સેન્ટરને તાળાબંધી કરી દેવામાં આવી હતી. ત્યારે આ બાબતની જાણ જીઆઈડીસીના રીજીઓનલ મેનેજર કૃતી મણિયારને થતાં તેઓ એમની ટીમ સાથે દોડી આવ્યા હતા અને આરટીઓ ઈન્સપેકટર અને બન્ને વચ્ચે આ બાબતને લઈને તુ.. તુ.. મૈ.. મૈ.. થતાં થોડી વાર માટે વાતાવરણમાં ગરમાવો આવી ગયો હતો અને જીઆઈડીસીના રીજીઓનલ મેનેજર ધ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે આ બાબતે અમોને લેખીતમાં જાણ કરવામાં આવશે તો અમો બીલ્ડીગ ખાલી કરી દઈશું.

### આરટીઓ કચેરી માટે સુવિધ્ધા સજજ બિલ્ડીંગની તાતી જરૂર

મોડાસા ખાતેની એઆરટીઓ કચેરી હાલ બીલ્ડીગના અભાવે સુવિધા પ્રજા સુધી પહોચાડી શકાતી નથી. જીઆઈડીસી ખાતેનુ સુવિધા સજજ સરકારી મકાન આરટીઓ કચેરીને ફળવાય તો નવા કોડ નંબરથી માંડીને તમામ સુવિધાઓ વાહનચાલક માલીકો સુધી અરવલ્લી જીલ્લામાં જ ઉપલબ્ધ થાય તેમ છે.




# મોડાસામાં વહિવટીતંત્ર દ્વારા દબાણ હટાવવા વ્હાલાં-દવલાની નીતિ સામે આક્રોશ

મોડાસા, ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકાના ચીફ ઓફીસરની પૂર્વ જગ્યાએ ફરજ બજાવતા હતા એ જગ્યાએ નોકરીનો આદેશ થતાં મોડાસા નગરપાલિકામાં ચીફ ઓફિસરનો હોદ્દો મોડાસાના નાયબ મામલતદાર અગરસિંહ ચૌહાણને સોંપવામાં આવ્યો છે. નવા ચીફ ઓફિસરે મોડાસા શહેરને સ્વચ્છ બનાવવા માટે ઝુંબેશ હાથ ધરતાં પ્રજાજનો આનંદમાં આવી ગયા હતા. પરંતુ દબાણ હટાવવાની કામગીરીમાં વ્હાલા-દવલાંની નીતિ કરાતા આક્રોશ ફેલાયો છે.

મોડાસા નગરપાલિકાના કર્મચારીઓના સહયોગથી મોડાસા નગમરાં સફાઈ ઝુંબેશ, દબાણ હટાવો ઝુંબેશ અને વેરાવસુલાત ઝુંબેશની કાર્યવાહી તેજ ગતિએ હાથ ધરી મોડાસા ગામમાં અને મોડાસા શહેરના મુખ્યમાર્ગ પર અડચણ થઈ રહેલા અને ગંદકી ફેલાવતા અને ગેરકાયદેસર દબાણ કરી રહેલા લારી-ગલ્લાવાળા લોકોને હટાવવા ઝુંબેશ હાથ ધરી છે. અને મહદઅંશે આવા લારી-ગલ્લાવાળાઓને હટાવવામાં સફળતા મળતા મોડાસાના રહીશો અને રાહદારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. જ્યારે મોડાસા શહેરના શામળાજી રોડ પર આવેલા અંદરના વિસ્તાર કે જ્યાં મોટા-મોટા શોપીંગ સેન્ટરો, દવાખાના, શાળાઓ અને ગ્રામ્ય તરફ જતી બસોનું પીક અપ સ્ટેન્ડ આવેલ છે. આ પીકઅપ સ્ટેન્ડની પાછળની ખુલ્લી ૯ બાય ૫ જેટલી જગ્યા પર વર્ષોથી એક શખ્સ દ્વારા ગેરકાયદેસર દબાણ કરી આરોગ્યને નુકશાનકારક લારી-ગલ્લાવાળા અને બિન આરોગ્યપ્રદ ખુલ્લી ખાદ્યસામગ્રીની વહેંચણી


(તસવીર : જય અમીન, મોડાસા)

કરનારા લોકોને જગ્યા ભાડે આપી આવા લોકો જોડે ભાડુ ઉઘરાવી સરકારી જમીનોનો દૂર ઉપયોગ કરી સરકારી તીજોરીને નુકશાન પહોંચાડવામાં આવી રહ્યું છે. તેમજ ખુલ્લી જગ્યામાં ઉભા રહેતા લારી-ગલ્લાવાળા દ્વારા બિન આરોગ્યપ્રદ પદાર્થો વહેંચવામાં આવી રહ્યા છે. તદ્ઉપરાંત આ ગેરકાયદેસર દબાણ હટાવવા સીટીસર્વેનીકચેરીએ આદેશ કર્યો હોવા છતાં આ શખ્સ વિરૂદ્ધ સરકારી પગલા ભરવા સરકારી બાબુઓ એકબીજાને ખો આપી રહ્યા છે અને સરકારી તંત્ર પણ લાચારી અનુભવી રહ્યું છે. આ દબાણવાળી જગ્યા પર ગેરકાયદેસર રીતે બાજુમાં આવેલી દિવાલ પર વિજતંત્રની મીલીભગતના કારણે ખુલ્લી જગ્યાએ લાઈટ મીટરનું કનેકશન આપેલ હોવાથી આગજનીના બનાવો બનવાની સંભાવના પણ રહેલી છે. સ્વાઈન ફ્લુ જેવી મહામારી બિમારીએ માથુ ઉંચક્યું છે ત્યારે લારી-ગલ્લાવાળાઓ ગંદકી ફેલાવી રહ્યાં છે. અને ખુલ્લામાં ખાદ્ય સામગ્રી વહેંચી રહ્યા હોવા છતાં સરકારીતંત્ર લાચાર. આમ સરકારી જગ્યા પર આરોગ્યતંત્ર, વિજતંત્ર અને મહેસુલ વિભાગ અને નગરપાલિકાતંત્ર કોઈ પગલા ભરશે કે પછી આવા શખ્સ સામે ઘુંટણીયા ટેકવી દેશે તેવી ચર્ચાએ મોડાસા પ્રજાજનોમાં જોર પકડ્યું છે.

### પરવઠ ગામે ૭૩ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના પરવઠ ગામે રહેતા શકરાભાઈ રાજાભાઈ ડામરા ઘરે જીપ માંથી વિદેશી દારૂ ઉતારી રહ્યા છે તેવી બાતમી વિજયનગર પી.એસ.આઈ.-એ.બી.ઠાકોર ને મળતા તાત્કાલિક સ્ટાફ સાથે બુધવારે બપોરે પરવઠ પહોચી હતા ત્યાજ ડુંગરા પરથી શકરાભાઈ ડામરા પોલીસને દેખી નાસી ગયેલ જેથી પોલીસે તેના રહેણાંક ના ઘરમાંથી અને જીપમાંથી મળી ૨૪૮ બોટલ વિદેશી દારૂ અને ૨૩ ટીન નંગ મળી આવ્યા હતા જેથી પોલીસે બોલેરો જીપ નંબર જીજે.૯.બીએ. ૬૩૦૮ રૂ ત્રણ લાખ ની અને ૭૩ હજાર ૬૦૦ ના મળી કુલ રૂ ૩ લાખ ૭૩ હજાર ૬૦૦ નો કુલ મુદ્દામાલ કબજે લઈ શકરાભાઈ ડામરા વિરૂદ્ધ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દોલગઢ નજીક ઉમિયા ઈન્ડસ્ટ્રીઝ પર કરોડોની લોન ન ભરતા પિતા-પુત્ર સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગર નજીક આવેલ દોલગઢની ઉમીયા ઈન્ડ્રસ્ટીઝના સંચાલક પિતા અને પુત્ર એ બેંકમાં થી લોન લઈને બેંક સાથે છેતરપીડ આચરતાં બેન્કના મેનેજરે મંગળવારે રાત્રે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે

સાબરકાંઠા ના હિંમતનગર થી ૮ કિમી દુર આવેલ દોલગઢ પાસે આવેલી ઉમીયા ઈન્ડસ્ટ્રીઝના સંચાલક પિતા રમેશભાઈ કોદરભાઈ પટેલ અને પુત્ર જીગ્નેશભાઈ રમેશભાઈ પટેલના નામે વર્ષ ૨૦૦૯ માં પોતાના ધંધા ના વિકાસ માટે જીનીગ ની મશીનરી અને માલસ્ટોક પર દેના બેંક હિમતનગર શાખા માંથી રૂ.૭ કરોડની લોન લીધી હતી ત્યાર બાદ તે લોન પેટે ત્રણ વર્ષ બેંક સાથેનો વ્યવહાર સારો રાખ્યો હતો જેથી બેંકમાં વધુ એક કરોડ લોન ની માગણી કરી હતી બેન્કે તેમની સારી શાખને કારણે વધુ એક કરોડ ની લોન ૨૦૧૧ માં આપી હતી આમ કુલ આઠ કરોડ લોન આપી હતી અને ત્યાર બાદ આ જીનની મશીનરી અને અંદાજે ૧૨ કરોડનો માલસ્ટોક બેન્કની જાણ કર્યા વગર વેચાણ કરી દીધેલ અને બેંક સાથેનો વ્યવહાર છેલ્લા એક વર્ષ થી બંધ કરી દીધો હતો જેથી હિમતનગર બેન્કના ચીફ મેનેજર બાબુભાઈ પરમારે મંગળવારે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે સંચાલક પિતા અને પુત્ર વિરુદ્ધ બેંક સાથે છેતરપીડી કર્યા અંગેની ફરિયાદ નોધાવી હતી આ અંગે બેન્કના મેનેજર બાબુભાઈ પરમારે જણાવેલ કે વર્ષ -૨૦૦૯ થી ચાર વર્ષ દરમિયાન ૮ કરોડ ની લોન લીધેલ છે અને જેનું આજ સુધી વ્યાજ સાથે રૂ સાડા નવ કરોડ લેવાના થાય છે જેથી તેમની ઉમિયા ઈન્દ્રસ્ટ્રીઝ પર બેંક ધ્વારા કબજો કરીને હરાજી માં મુકેલ છે અને સંચાલક પિતા -પુત્ર સામે ફરિયાદ નોધાવી છે.

# પ્રાંતિજમાં મહાશિવરાત્રિએ શિવજયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહા શિવરાત્રિએ બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા શિવ જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ પ્રાંતિજના એપ્રોચ રોડ પર આવેલ બ્રહ્માકુમારીઝ હોલ ખાતે ધામધૂમથી ઉજવાશે. પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા આ ૭૯મો શિવ જયંતિ મહોત્સવ ઉજવાશે. આ મહોત્સવમાં અમરનાથની ગુફામાં બરફના શિવલીંગની પ્રતિકૃતિ, શિવશંકરની ચૈતન્ય અનુપમ ઝાંખી તેમજ ચર્તુભુજ ભગવાન વિષ્ણુના દર્શન સહિત અનેકવિધ આકર્ષણો, પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત નીજ આ ભાવી ઓળખ, સૃષ્ટિચક્ર, પરમાત્માના દિવ્ય ગુણો અને કર્તવ્યો તેમજ સહજ રાજયોગ સહિત વિવિધ ઈશ્વરીય જ્ઞાનની સાચી સમજ કેળવાય તે અંગે આધ્યાત્મિક પ્રદર્શનનુંપણ આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં શિવપિતા પરમાત્માના પ્રાગટ્ય પર્વની ઉજવણી પ્રસંગે સમાપન સંધ્યાએ આરતીમાં અસંખ્ય આત્માઓ સહભાગી બની જ્યોતિ સ્વરૂપ સાક્ષાત્કારનો દર્શનાર્થીઓ લ્હાવો મેળવશે. આ અલૌકિક દર્શનનો લાભ લસેવા બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા તાલુકાના અને નગરના નગરજનોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ભિલોડા તાલુકાના જાયલા ગામની સગીર વયની યુવતીનું અપહરણ બે ઈસમો ધ્વારા કરાતાં ચકચાર

ભિલોડા, તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જાયલા ગામની સગીર વયની યુવતીનું અપહરણ બે ઈસમો ધ્વારા કરતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ જાયલા ગામના રહેવાસી. બિપીનભાઈ કમજીભાઈ ખરાડીની પુત્રી અમિષા તા.૬/૨/૨૦૧૫ ના રોજ તેના ઘરેથી કલ્યાણપુર પ્રાથમીક શાળામાં ચાલતાં-ચાલતાં અભ્યાસ અર્થે જતી હતી તે દરમ્યાન વાઘેશ્વરી ગામનો રાહુલભાઈ મુકેશભાઈ બરંડા અને એક અજાણ્યો ઈસમ બાઈક ઉપર આવ્યા હતા. અમિષાને ધાક-ધમકી બતાવી મારી નાંખવાની ધમકી આપી બાઈક ઉપર બેસાડી સગીર વયની યુવતીનું અપહરણ કરી ચિત્રોડી ગામ પાસે આવેલ રોડ ઉપર એક દુકાન પાસે સગીર વયની યુવતીને ઉતારી બંન્ને ઈસમો બાઈક ઉપર ફરાર થઈ ગયા હતા. ભિલોડા તાલુકાના જાયલા ગામની સગીર વયની યુવતીનું અપહરણ કરનાર વાઘેશ્વરી ગામનો રાહુલભાઈ મુકેશભાઈ બરંડા અને એક અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં બિપીનભાઈ કમજીભાઈ ખરાડીએ ફરીયાદ નોંધાવતાં ભિલોડા પોલીસે બે ઈસમો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી ધરેલ છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# કૃષિ વિકાસ વર્ષમાં ખેતી વિષયક ધિરાણનું વ્યાજ માફ કરવા રજૂઆત

ઈસરી, તા. ૧૧

ગુજરાતમાં ચાલુવર્ષે કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે. જેમાં ખેડૂતોને અભૂતપૂર્વ આનંદ ઉમટ્યો છે. આ આનંદ ત્યારે પૂરવાર થશે કે ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર કાર્ય કરી બતાવે અને તેમને વ્યાજમાં માફી આપે.

મોડાસા તાલુકાના લીંભોઈના વતની અને વર્ષો સુધી સહકારી ક્ષેત્રમાં સેવા આપી ચૂકેલ પૂર્વ ધારાસભ્ય સંઘના અધ્યક્ષ અંબાલ ઉપાધ્યાયે રાજ્યની મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પત્ર લખીને માગણી કરી છે કે ચાલુ વર્ષ કિસાન વર્ષ તરીકે ઉજવાય છે ત્યારે ૨૦૧૪ના વર્ષમાં ખેડૂતોએ જે ધિરાણ લીધુ છે તેને કેન્દ્ર સરકાર ૪ ટકા સબસીડી આપે છે અને ૩ ટકા ખેડૂતોએ ભરવુ પડે છે. તો ૩ ટકા સબસીડી રાજ્ય સરકાર આપે તો વ્યાજમાં ૧૦૦ ટકા રાહત મળે અને ખેડૂત ઉભો થાય. તેની દશા અને દિશા સુધરે. આ ઉપરાંત રાસાયણિક ખાતરમાં કોઈ રાજ્યમાં ટેક્સ નથી. માત્ર ગુજરાતમાં જ ૫ ટકા ટેક્સ છે. જે નાબૂદ કરવો જોઈએ. ગ્રામ પંચાયતોમાં વિદ્યુત લાઈટના બદલે સોલાર લાઈટો આપવી જેથી વિદ્યુત બીલ ન આવે. પંચાયતોમાં આવક હોતી નથી અને વીજ બીલો ભરવાં પડે છે. જેથી સોલાર લાઈટ વસાવવા યોગ્ય ગણાશે. કપાસના ભાવો ઉંચા દરથી રાખી દરેક તાલુકામાં ખરીદ કેન્દ્રો ઉભા કરવા જેથી ખેડૂતો થેતરાય નહિ.

ચાલુ વર્ષ કૃષિ વર્ષ તરીકે ઉજવાય છે ત્યારે રાજ્યના ખેડૂતોને શો ફાયદો ? સરકાર માત્ર ઉજવણી કરે છે તેના બદલે કૃષિ ધિરાણમાં રાજ્ય સરકારનું ૩ ટકા વ્યાજ તાત્કાલિક અસરથી માફ થાય તેવી અંબાલાલ ઉપાધ્યાયની રજૂઆતને મેઘરજ તાલુકાના સહકારી અગ્રણી ન્હારસિંહ બિહોલા, મૂળસિંહ બિહોલા, બી.ડી. રાઠોડ અને છગનભાઈ પંચાલે ટેકો જાહેર કરી સંમતિ આપી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
**મોર્ડન મોટર્સ**
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JKTYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧